Sunday
25.12.2022
*Volume :7 * Issue No.145
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-










# પ્રધાનમંત્રીએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના ૭૫મા અમૃત મહોત્સવને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કર્યું

**"ગુરુકુલે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સારા વિચારો અને મૂલ્યો સાથે તેમના મન અને હૃદયનો વિકાસ કર્યો છે"**

**"અમારા ગુરુકુળોએ માનવતાને વિજ્ઞાન, આધ્યાત્મિકતા અને લિંગ સમાનતા વિશે માર્ગદર્શન આપ્યું"**

**"આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં સમર્પિત વિદ્યાર્થીઓથી લઈને જીઈ અને મ્છઇઝ્રના વૈજ્ઞાનિકો સુધી, ગુરુકુલની પરંપરાએ દેશના દરેક ક્ષેત્રને પોષણ આપ્યું છે"**

**"સાચા જ્ઞાનનો ફેલાવો એ વિશ્વનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય છે. ભારત આ પ્રોજેક્ટ માટે સમર્પિત છે"**

**"દેશમાં શિક્ષણ માળખાના વિસ્તરણમાં અભૂતપૂર્વ કામ ચાલી રહ્યું છે"**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના ૭૫મા અમૃત મહોત્સવને વીડિયો કોન્ફરન્સીંગદ્વારા સંબોધન કર્યું હતું. સભાને સંબોધન કરતા, પ્રધાનમંત્રીએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન સાથે સંકળાયેલા દરેકને ૭૫ વર્ષ પૂરા થવા પર અભિનંદન પાઠવ્યા હતા અને આ યાત્રામાં શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના પ્રચંડ પ્રયાસોની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે ભગવાન શ્રી સ્વામી નારાયણના નામનું માત્ર સ્મરણ કરવાથી જ વ્યક્તિ નવી ચેતનાનો અનુભવ કરી શકે છે. પ્રધાનમંત્રીએ અમૃત કાળના સમયગાળામાં થઈ રહેલા શુભ પ્રસંગના સંયોગની નોંધ લીધી. પ્રધાનમંત્રીએ તેને આનંદનો અવસર ગણાવ્યો કારણ કે સમગ્ર ઈતિહાસમાં આવા સંયોગો દ્વારા ભારતીય પરંપરાને શક્તિ આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ ઈતિહાસમાં આ સંગમો એટલે કે કર્તવ્ય અને પરિશ્રમ, સંસ્કૃતિ અને સમર્પણ, આધ્યાત્મિકતા અને આધુનિકતાના સંગમનું વર્ણન કર્યું. પ્રધાનમંત્રીએ શિક્ષણની ઉપેક્ષા અને સ્વતંત્રતા પછી તરત જ પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીના ગૌરવને પુનર્જીવિત કરવાની ફરજ પર શોક વ્યક્ત કર્યો હતો. જ્યાં અગાઉની સરકારો પડી ભાંગી હતી ત્યાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાષ્ટ્રીય સંતો અને આચાર્યોએ પડકાર ઝીલ્યો. "સ્વામિનારાયણ ગુરુકુલ આ 'સુયોગ'નું જીવંત ઉદાહરણ છે" પ્રધાનમંત્રીએ કહ્યું. સ્વતંત્રતા ચળવળના આદર્શોના પાયા પર આ સંસ્થાનો વિકાસ થયો હતો. "સાચા જ્ઞાનનો ફેલાવો એ સૌથી મહત્વપૂર્ણ કાર્ય છે, અને આ વિશ્વમાં જ્ઞાન અને શિક્ષણ પ્રત્યેનીભારતની નિષ્ઠા છે જેણે ભારતીય સંસ્કૃતિના મૂળ સ્થાપિત કર્યા છે",એવી પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે ગુરુકુલ વિદ્યા પ્રતિષ્ઠાનમની શરૂઆત રાજકોટમાં માત્ર સાત વિદ્યાર્થીઓ સાથે થઈ હતી, પરંતુ આજે વિશ્વભરમાં તેની ચાલીસ શાખાઓ છે જે વિશ્વભરમાંથી હજારો વિદ્યાર્થીઓને આકર્ષે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા ૭૫ વર્ષમાં ગુરુકુલે વિદ્યાર્થીઓના મન અને હૃદયને સારા વિચારો અને મૂલ્યોથી વિકસાવ્યા છે, જેથી તેમનો સર્વાંગી વિકાસ થઈ શકે. "આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં સમર્પિત વિદ્યાર્થીઓથી લઈને ISRO અને મ્છઈઝના વૈજ્ઞાનિકો સુધી, ગુરુકુલની પરંપરાએ દેશના દરેક ક્ષેત્રને પોષ્યું છે",એમ તેમણે કહ્યું. પ્રધાનમંત્રીએ ગુરુકુલની પ્રથા પર પ્રકાશ પાડ્યો જ્યાં ગરીબ વિદ્યાર્થીઓ પાસેથી માત્ર એક રૂપિયાની ફી વસૂલવામાં આવે છે, જેનાથી તેમના માટે શિક્ષણ મેળવવાનું સરળ બને છે. જ્ઞાનને જીવનની સર્વોચ્ચ પ્રાપ્તિ તરીકે ગણવાની ભારતીય પરંપરાનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારે વિશ્વના અન્ય ભાગોને તેમના શાસક રાજવંશો સાથે ઓળખવામાં આવે છે, ત્યારે ભારતીય ઓળખ તેના ગુરુકુલો સાથે જોડાયેલી હતી. "આપણા ગુરુકુળો સદીઓથી નિષ્પક્ષતા, સમાનતા, સંભાળ અને સેવાની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે",એમ તેમણે ઉમેર્યું. તેમણે નાલંદા અને તક્ષશિલાને ભારતના પ્રાચીન ગૌરવના સમાનાર્થી તરીકે યાદ કર્યા. "શોધ અને સંશોધન એ ભારતીય જીવનશૈલીનો અભિન્ન ભાગ છે. સ્વ-શોધથી દિવ્યતા સુધી, આયુર્વેદથી અધ્યાત્મ (અધ્યાત્મ) સુધી, સામાજિક વિજ્ઞાનથી સૌર વિજ્ઞાન સુધી, ગણિતથી ધાતુશાસ્ત્ર અને શૂન્યથી અનંત સુધી દરેક ક્ષેત્રમાં સંશોધન અને નવા તારણો કાઢવામાં આવ્યા હતા. "ભારતે, તે અંધકાર યુગમાં, માનવતાને પ્રકાશના કિરણો આપ્યા જેણે આધુનિક વિજ્ઞાનની વિશ્વની સફર માટે માર્ગ મોકળો કર્યો",એમ તેમણે ઉમેર્યું. પ્રધાનમંત્રીએ ભારતીય પ્રાચીન ગુરુકુળ પ્રણાલીની લિંગ સમાનતા અને સંવેદનશીલતા પર પણ પ્રકાશ પાડ્યો હતો અને 'કન્યા ગુરુકુલ' શરૂ કરવા બદલ સ્વામિનારાયણ ગુરુકુલની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ ભારતના ઉજ્જવળ ભવિષ્યને ઘડવામાં શિક્ષણ પ્રણાલી અને શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે આઝાદી કા અમૃત કાળમાં દરેક સ્તરે દેશમાં શિક્ષણ માળખા અને નીતિઓનો વિકાસ કરવા માટે દેશ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. . પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે દેશમાં આઈઆઈટી, આઈઆઈઆઈટી, આઈઆઈએમ અને એઈઆઈએમએસની સંખ્યામાં વધારો થયો છે અને ૨૦૧૪ પહેલાના સમયની સરખામણીમાં મેડિકલ કોલેજોની સંખ્યામાં ૬૫ ટકાનો વધારોજોવા મળ્યોછે. તેમણે ઉમેર્યું હતું કે નવી શૈક્ષણિક નીતિ સાથે, દેશ એવી શૈક્ષણિક પ્રણાલી તૈયાર કરી રહ્યું છે જે ભવિષ્યવાદી છે. પરિણામે, નવી પેઢીઓ જે નવી સિસ્ટમમાં તેમનું શિક્ષણ મેળવશે તે દેશના આદર્શ નાગરિકો બનશે. પ્રધાનમંત્રીએ આગામી ૨૫ વર્ષની યાત્રામાં સંતોના મહત્વ પર ભાર મૂક્યો હતો. "આજે ભારતના સંકલ્પો નવા છે અને તેને સાકાર કરવાના પ્રયાસો પણ છે. આજે દેશ ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્થાનિક માટે વોકલ, દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર અને એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે આગળ વધી રહ્યો છે. સામાજિક પરિવર્તન અને સામાજિક સુધારણાના આ પ્રોજેક્ટ્સમાં 'સબકા પ્રયાસ (દરેકનો પ્રયાસ) કરોડો લોકોના જીવનને પ્રભાવિત કરશે. પ્રધાનમંત્રી ગુરુકુલના વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા ૧૫ દિવસ માટે ઉત્તરપૂર્વ ભારતનો પ્રવાસ કરવા અને રાષ્ટ્રને વધુમજબૂત કરવા માટે લોકો સાથે જોડાવા વિનંતી કરી. તેમણે બેટી બચાવો અને પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર પણ સ્પર્શ કર્યો અને લોકોને એક ભારત શ્રેષ્ઠ ભારતને મજબૂત કરવા માટે સાથે આવવા વિનંતી કરી.

"મને ખાતરી છે કે સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યા પ્રતિષ્ઠાનમ જેવી સંસ્થાઓ ભારતના સંકલ્પોની આ યાત્રાને બળ આપતી રહેશે",એમ કહી પ્રધાનમંત્રી સમાપન કર્યું. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાની સ્થાપના ૧૯૪૮માં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી દ્વારા રાજકોટ ખાતે કરવામાં આવી હતી. સંસ્થાએ વિસ્તરણ કર્યું છે અને હાલમાં વિશ્વભરમાં તેની ૪૦ થી વધુ શાખાઓ છે, જે ૨૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શાળા, સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ માટેની સુવિધાઓ પૂરી પાડે છે.

# તા.૨૫મી ડિસેમ્બર ના રોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ વડોદરાની મુલાકાતે

## અટલ બ્રિજનું નામકરણ અને લોકાર્પણ તથા સમા તળાવ ગાર્ડન સહિત આશરે રૂ.૨૯૫ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ કરશે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી પદે બીજીવાર ચૂંટાયા પછી સૌ પ્રથમવાર વડોદરા શહેરની મુલાકાત લઈ રહ્યા છે. તા. ૨૫/૧૨/૨૦૨૨ ના રોજ મનીષા ચોકડી થી ગેંડા સર્કલ સુધીના ફ્લાય ઓવરબ્રિજ નુંલોકાર્પણ અને નામકરણ, ન્યાયમંદિર સંકુલનું હસ્તાંતરણ અને સમા તળાવ ગાર્ડનના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમ બપોરે ૨.૩૦ કલાકે શહેરના સયાજી નગરગૃહ ખાતે રાખવામાં આવેલ છે.

વડોદરા મહાનગરપાલિકા નાગરિકોની લોક સુવિધામાં વધારો થાય તે માટે નિરંતર પ્રયત્નશીલ રહે છે અને તે માટે વિવિધ આંતરમાળભાગાકીય પ્રોજેક્ટ સમયાંતરે હાથ ધરે છે. વડોદરા શહેરનો વિકાસ અને વિસ્તરણ જે રીતે થઈ રહ્યું છે તેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે. ટ્રાફિકની સમસ્યાઓના કારણે માનવ કલાકો અને ઈંધણનો પણ મોટા પ્રમાણમાં વ્યય થઈ રહ્યો છે. અત્યારે વડોદરા શહેરના અત્યંત પ્રગતિશીલ એવા વિસ્તાર ને જોડતો કુલ રૂ.૨૩૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગેંડા સર્કલ થી મનીષા ચોકડી સુધીના ફ્લાવર બ્રિજનું નિર્માણ થઈ ચૂક્યું છે. આ બ્રિજની મહત્વની બાબત એ છે કે આબ્રિજ ગુજરાતના શહેરી વિસ્તારનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સૌથી લાંબો બ્રીજ કે જેની લંબાઈ ૩.૫ કિમી ની છે. આ બ્રિજ કુલ ૭ સર્કલ જેવા કે મનીષા સર્કલ, રોક સ્ટાર સર્કલ, મલ્હાર પોઈન્ટ, ચકલી સર્કલ, આંબેડ્કર સર્કલ, ટ્રાયડેન્ટ સર્કલ તથા ગેંડા સર્કલ પરથી પસાર થાય છે અને ચોકકસ રીતે આ સાથે સાત જગ્યાઓ ઉપરથી ટ્રાફીકનુ ભારણ હળવું કરવામાં મદદરૂપ થશે. આ બ્રિજમાં કુલ ચાર સ્થળોએ અપ એન્ડ ડાઉન રેમ્પ આપવામાં આવ્યા છે. આ બ્રિજ ઉપર ૨૦૬ નંગ કૌનીકલ પોલી ઉપર ઓટો ડેમ્મિંગ સિસ્ટમ વાળી એલ.ઈ.ડી. લાઈટો વલગાવવામાં આવશે અને સાથે સાથે બ્રિજ ઉપર વિવિધ જગ્યાએ સાઈનબોર્ડ લગાવવામાં આવશે. બ્રિજના કેરીએજ ઉપર અત્યાધુનિક ટ્રાફીક ફીચર્સથી સુસજજ હશે. આ બ્રિજના ૬ માર્ગીય ભાગમાં હેન્ગીંગ ગર્ડર ડીઝાઈન કરવામાં આવી છે અને સાથે સાથે બ્રિજ નીચેના ભાગમાં પીચર પ્રોટેકશન સહ ગાર્ડનીંગ તથા ગ્રીન ફેન્સીંગ કરવામાં આવશે, રાહદારીઓ માટે પેવર બ્લોક, ફુટપાથ, સર્વિસ રોડ, પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવશે. આમ આ બ્રિજ શહેરમાં એક યુનિક બ્રિજ છે. તેવીજ રીતે વડોદરાની ઐતિહાસિક ધરોહર સમી ન્યાયમંદિર કે જયાં વર્ષો સુધી કોર્ટની કામગીરી ચાલતી હતી. આ કોર્ટના નવા બિલ્ડીંગનુ નિર્માણ થવાથી આ બિલ્ડીંગ સરકાર હસ્તક થયું હતુ. સરકારદવારા સ્માર્ટ સીટી અંતર્ગત ન્યાયમંદિર સંકુલવાળી ઈમારતને સીટી હેરીટેજ મ્યુઝીયમ બનાવવા માટે કાયદેસર રીતે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને સુપ્રત કરવામાં આવનાર છે તથા સમા ગાર્ડન ખાતે ૧૦,૫૦૦ સ્કવેર મીટરવાળી જગ્યામાં સુંદર લોન, ઓરનામેન્ટલ છોડ, સુગંધીત ફુલો, વિવિધ પ્રકારના પામ અને વિવિધ વૃક્ષોનું સઘન પ્લાન્ટેશન કરવામાં આવેલું છે જેમાં ૩૫૦ મીટર લાંબો જોગિંગ ટ્રેક, બાળકો માટે રમત-ગમતના સાધનોવાળો એક ગાર્ડન તૈયાર કરવામાં આવેલો છે. આ ગાર્ડનની વિશેષતા એ છે કે આ ગાર્ડનમાં સ્વસ્તિક આકારમાં પ્લાન્ટેશન કરેલુ છે. આ ગાર્ડનમાં વિવિધ પ્રકારના વૃક્ષો જેમાં બિલીપત્ર, પુત્રજીવા, રૂખડો, સીંદુરી, અરડુશી વિગેરે ૩૧ પ્રકારના ૭૮૫ વૃક્ષોનુ પ્લાન્ટેશન કરવામાં આવ્યુ છે. આમ, સુશાસન દિન નિમિત્તે મુખ્યમંત્રી શ્રીના હસ્તે અટલ બ્રિજ નું લોકાર્પણ અને નામકરણ, ન્યાયમંદિર સંકુલનું હસ્તાંતરણ અને સમા તળાવ ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

# શહેર ભાજપ દ્વારા પરમ શ્રદ્ધેય શ્રી અટલ બિહારી બાજપેયીજીની જન્મજયંતિ( સુશાસન દિન ) નિમિત્તે તેમના વ્યકિતત્વ અને જીવનકાર્યો અંગે ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાશે.

**ભાજપના રાષ્ટ્રીય નેતા વી.સતીષજી વક્તા તરીકે વિશેષ ઉપસ્થિત રહેશે.**

**બુથ સ્તરે શ્રદ્ધેય અટલજીને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યકર્તાઓ તેમના દેશ માટેના યોગદાનનું સ્મરણ કરશે તેમજ પ્રધામંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો મન કી બાત કાર્યક્રમ નિહાળશે.**

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૨૫ ડિસેમ્બરે શહેર ભાજપ દ્વારા પ્રધાનમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ તેમજ પરમ શ્રદ્ધેયશ્રી અટલ બિહારી બાજપેયીજીની જન્મજયંતિ(સુશાસન દિન) નિમિત્તે તેમના વ્યક્તિત્વ અને જીવનકાર્યો અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ, સિદ્ધિઓ અને સુશાસન અંગે ગોષ્ઠીનો કાર્યક્રમ ભાજપના રાષ્ટ્રીય નેતા વી.સતીષજીની વિશેષ ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨, ગાંધીનગર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે. આ ઉપરાંત બુથ સ્તરે શ્રદ્ધેય અટલજીને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યકર્તાઓ તેમના દેશ માટેના યોગદાનનું સ્મરણ કરશે તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થકી શ્રદ્ધેય અટલજીનો જન્મદિન મનાવશે. તમામ ૧૧ વોર્ડમાં કાર્યકર્તાઓ મન કી બાત કાર્યક્રમ નિહાળશે.






# અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં GCCIનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)નો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રીએ દરેક ક્ષેત્રે વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ આ તકે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તમે તમારી જવાબદારી નિભાવી છે હવે અમે અમારી જવાબદારી નિભાવીશું. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જે ભરોસો તમે અમારા પર મૂક્યો છે એ ભરોસો તૂટવા નહિ દઈએ. વધુમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દેશમાં સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય હોય તો તે આપણું ગુજરાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્યોગ જગતમાંગ્લોબલ પ્લેટફોર્મ ઊભું કર્યું છે. વાઈબ્રન્ટ થકી અનેક મોટા ઉદ્યોગો આજે ગુજરાત આવ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સુરક્ષાની દૃષ્ટિએ પણ ગુજરાત આજે નંબર વન પર છે. મુખ્યમંત્રીશ્રીએ વધુ ઉમેરતા કહ્યું હતું કે, આજે તમામ નાના મોટા ઉદ્યોગો અને અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રે ગુજરાતે ઉત્કૃષ્ઠ કામ કર્યું છે. આ પ્રસંગે ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ગુજરાત એ વિકાસનું રોલ મોડેલ બન્યું છે અને તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આભારી છે. ગુજરાતનું વિકાસ મોડેલ આજે અનેક રાજ્યો અપનાવી રહ્યા છે. આ સમારોહમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ શ્રી પથિક પટવારી, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અજય પટેલ તથા GCCI ના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના સાજીયાવદરથી મેડી સુધીના રોડનું ખાતમુર્હૂત સંપન્ન

### અંદાજિત ૧.૫૦ કરોડ રુપિયાના ખર્ચે ૫.૪ કિમી માર્ગનું નિર્માણ થશે

કમલમ્ ન્યુઝ,અમરેલી

અમરેલી જિલ્લાના સાજીયાવદર ગામ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્યશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સાજીયાવદરથી મેડી ગામ સુધીના રોડનું ખાતમુહૂર્ત કાર્ય સંપન્ન થયું હતું. અંદાજિત ૧.૫ કરોડ રુપિયાના ખર્ચે સાજીયાવદરથી મેડી ગામ સુધીના ૫.૪ કિ.મી. માર્ગનું નિર્માણ થતાં ગ્રામજનો માટેની સુવિધા અને સુખાકારીમાં ઉમેરો થશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાનું સાજીયાવદર ગ્રામ પંચાયત અને સામજિક અગ્રણીશ્રીઓએ ફુલહારથી સ્વાગત કર્યું હતુ.

રાજ્ય સરકાર દ્વારા વિવિધ જન કલ્યાણલક્ષી કાર્યો ઝડપથી આગળ વધે તે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બાકી હોય તેવા વિકાસ કામોને રાજ્ય સરકાર દ્વારા ઝડપથી પૂર્ણ કરવામાં આવશે તેવો વિશ્વાસ પણ વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાએ આજના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં વ્યકત કર્યો હતો. આજના કાર્યક્રમ પ્રસંગે સાજીયાવદર ગ્રામ પંચાયત સરપંચશ્રી સહિતના સદસ્યશ્રીઓ ઉપરાંત ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ નાયબ મુખ્ય દંડકશ્રીને કેનાલ, રોડ-રસ્તા સહિતના વિકાસકાર્યોની રજૂઆત કરી હતી જેનો સત્વરે નિકોલ લાવવા માટે ખૂટતું કરવા માટે નાયબ મુખ્ય દંડકશ્રીએ બાંહેધરી આપી હતી




## ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના અભિવાદન સમારોહો અવિરત જારી

### તાલુકાના વાડાસર અને માધાપર મુકામે ભવ્ય અભિનંદન સમારોૌ યોજાયા હતા



કમલમ્ ન્યુઝ,

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલનો ભુજના ઈતિહાસમાં લગભગ સર્વાધિક મતોની સરસાઈથી વિજય થયા બાદ ભુજ વિધાનસભા વિસ્તારના લોકોમાં ભારે હર્ષ અને ગૌરવની લાગણી પ્રવર્તી રહી છે જેના ભાગરૂપે સમગ્ર વિધાનસમા વિસ્તારમાં વિવિધ ગામોમાં કેશુભાઈને સન્માનવા અભિવાદન સમારોહો સતત યોજાઈ રહ્યા છે. આ ચૂંટણીમાં બન્ની પચ્છમનો વિસ્તાર હોય કે આહિરપટ્ટી હોય કે પટેલ ચોવીસીના ગામડાઓ હોય કેશુભાઈને લોકોએ દરેક જગ્યાએ પ્રચંડ આવકાર આપ્યો છે. ઉડીને આંખે વળગે એવી મુખ્ય બાબત એ રહી કે કોંગ્રેસના ઉમેદવારના હોમ ટાઉન માધાપરમાંથી પણ કેશુભાઈનો ઘોડો ખુબ આગળ રહ્યો હતો અને જંગી સરસાઈ મેળવી હતી. આવી ઝમકદાર જીતના વિજયની ખુશાલીમાં કેશુભાઈનું સન્માન કરવા માટે જ્યારે ગામેગામ અભિવાદન સમારોહો યોજાઈ રહ્યા છે ત્યારે આજરોજ સૌ પ્રથમ ભુજ તાલુકાના વાડાસર ગામે કેશુભાઈ પટેલનું ઉષ્માભેર અભિવાદન સમારોહ યોજવામાં આવ્યું હતું જેમાં ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ગ્રામવાસીઓએ કેશુભાઈના ભવ્ય વિજયના વધામણા કર્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે વડાસર સ્થિત સ્વામીનારાયણ મંદિરમાં જઈને દર્શન કરી સંખ્યોગી બહેનોના આશીર્વાદ પ્રાપ્ત કાર્ય હતા. આ ઉપરાંત ભુજના પરા સમાન માધાપર ગામમાં પણ કેશુભાઈના ઐતિહાસિક વિજયને બિરદાવવા અને તેમના ઉત્સાહ અને વિશ્વાસમાં વૃદ્ધિ કરવાના આશયથી ભવ્યાતિભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. સમગ્ર માધાપરમાંથી અઢારે આલમમાંથી લોકો સ્વયંભુ ખુબ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સમાજના અગ્રણીઓ, ધાર્મિક તેમજ સામાજીક સંસ્થાઓના આગેવાનો, વિવિધ શ્રેષ્ઠીઓ, દાતાઓ સહિત અનેક નામાંકિત લોકોએ શ્રી પટેલનું ભાવભેર સન્માન કરી તેમને ઉજ્જ્વળ કાર્યકાળની શુભકામનાઓ પાઠવી હતી. અભિવાદન સમારોહનો પ્રતિભાવ આપતા કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે ભુજ વિસ્તારના આપ સૌ મતદારોએ નરેન્દ્રભાઈના ગૌરવશાળી નેતૃત્વમાં તેમજ મારી કાર્યપધ્ધતિ પ્રત્યે વિશ્વાસ દાખવીને મને જે યાદગાર સફળતા અપાવી છે તે બદલ હું સદૈવ આપ સૌનો ઋણી રહીશ. આપ સૌને હું આ જાહેર મંચ ઉપરથી ખાતરી આપું છું કે આવતા પાંચ વર્ષ હું નિશદિન આપની સેવા અને આપની તમામ પ્રકારની સમસ્યાઓ ઉકેલવા માટે સન પ્રતિશત કટિબદ્ધ રહીશ. કાર્યક્રમ દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જયંતભાઈ માધાપરીયા, જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ માવજીભાઈ ગુંસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન ભંડેરી, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ ભીમજીભાઈ જોધાણી, મહામંત્રી દિનેશભાઈ ઠકકર, તાલુકા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન જરૂ, પ્રવિણાબેન રાઠોડ, તુષારીબેન વેકરીયા, ભાનુબેન ભુડીયા, હરીશભાઈ ભંડેરી, હિતેશભાઈ ખંડોર સહિત ગ્રામજનો, ભારતીય જનતા પાર્ટીના હોદેદારો, ચુંટાયેલા પ્રતિનિધીઓ, સેલ-મોરચાના હોદેદારો ઉપસ્થિત રહયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

## રૂપિયા વીસ લાખની માતબર રકમનો ઠગાઈયુકત દસ્તાવેજ કરનાર આરોપીને જામીનમુકત કરતી નામદાર સેશન્સ કોર્ટ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

જમીનોના ભાવ આસમાને પહોંચતા અનેકવિધ નિતનવા કિસ્સાઓ ધ્યાને આવતા હોય છે. આવો જ એક કિસ્સો સુરેન્દ્રનગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં બનવા પામેલ છે. સાયલા તાલુકાના રાતડકી ગામમાં સોનાની લગડી જેવી આશરે વીસ વિઘા જેટલી ખેતીની જમીનનું લખમણભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા) તેમજ તેમના અન્ય ભાઈઓ-બહેનોએ અઘાટ વેચાણ કરેલ હતું, જે પૈકી ૧૦ વિઘા જમીન ચોટીલા-નિવાસી શ્રી દિગ્વિજયસિંહ કનુભાઈ ધાધલ-કાઠી દરબાર તેમજ અન્ય ૧૦ વિઘા જમીન મુંબઈ-નિવાસીશ્રી અતુલભાઈ વસંતલાલ પારેખને સબ-રજીસ્ટ્રારશ્રીની ઓફિસ-સાયલા ખાતે અઘાટ વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ પણ કરી આપવામાં આવેલ હતો. આ પછી જમીન ખરીદનારે પોતાના નામે આ જમીન કરાવવા માટે મામલતદાર ઓફિસ-સાયલા સમક્ષ આધાર-દસ્તાવેજો સાથે અરજી રજૂ કરેલ હતા, જેથી રેવન્યુ ઓથોરીટીએ પક્ષકારોને ૧૩૫-ડી ની નોટીસ ઈશ્યુ કરેલ, એ વખતે સત્ય બહાર આવ્યું કે જમીન વેચાણ કરનાર પૈકીશ્રી જોધાભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા)નું સને-૨૦૧૧ની સાલમાં માર્ગ અકસ્માતમાં અવસાન થયેલ છે અને તેમની જગ્યાએ અન્ય કોઈ વ્યકિતને દસ્તાવેજ વખતે હાજર રાખી, ડમી વ્યકિત તરીકે સહી કરી-કરાવીને સાચી હકીકત છૂપાવીને છેતરપીંડી અને ઠગાઈ થયેલ છે, આથી જમીન ખરીદનારે ધજાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં, કુલ બે જમીન દલાલો તેમજ લખમણભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા) અને તેમના અન્ય એક-ભાઈ અને બે બહેનો તેમજ મરણ જનારની જગ્યાએ ડમી સહી કરનાર એમ કુલ સાત ઈસમો વિરૂધ્ધ ભારતીય ફોજધારી કાયદા અન્વયે અતિ ગંભીર પ્રકારનો ગુન્હો નોંધાયેલ. ત્યારબાદ તપાસ કરનાર પીએસઆઈશ્રીએ નામદાર કોર્ટમાંથી સીઆરપીસી કલમ-૭૦નું વોરન્ટ મેળવી, આરોપી લખમણભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા)ની ધરપકડ કરી, કોર્ટના આદેશાનુસાર તેને જેલના સળિયા પાછળ ધકેલી દિધેલ. ત્યારબાદ આ બનાવના તહોમતદાર પૈકી લખમણભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા) એ નામદાર સેશન્સ કોર્ટ-લીંબડી ખાતે, એડ્વોકેટશ્રી ડો. ડી.બી. દેસાઈ મારફતે રેગ્યુલર જામીન-અરજી દાખલ કરેલ હતી. જામીન-મુકિત અર્થેની પીટીશનની સુનાવણી સમયે, આરોપી લખમણભાઈ રબારીના પક્ષે એડવોકેટશ્રી ડો. ડી. બી. દેસાઈ તરફથી નામદાર સેશન્સ કોર્ટમાં "ટુ ધ પોઈન્ટ" રીતે યોગ્ય રજૂઆતો અને સંબંધિત દલીલો કરવામાં આવી હતી. વિદ્વાન એડવોકેટ ડો. દેસાઈએ નામદાર કોર્ટ સમક્ષ ભારપૂર્વક જણાવેલ કે એફઆઈઆર લક્ષે લેતાં, આ બનાવ સને-૨૦૧૪માં બનેલ છે અને તેની ફરીયાદ સાત વર્ષ પછી એટલે કે ૨૦૨૧માં કરવામાં આવેલ છે. વળી, હાલના અરજદાર એ નિરક્ષાર અને વિશ્વાસુ વ્યકિત છે, આથી તેઓને પોતાની જમીનની ફેરબદલી કરાવવા માટે, અન્ય વ્યકિતના કહેવા અને વિશ્વાસે અંગુઠાનું નિશાન કરેલ છે. પોતે જમીનના વેચાણ બાબતે કોઈ જાણકારી ધરાવતા નથી અને કહેવાતો જમીનનો ફ્રોડ દસ્તાવેજ અરજદારે કરેલ નથી. આ સિવાય ખોટો દસ્તાવેજ અને અન્ય પેપરની પ્રમાણિત નકલો એ પોલીસ કસ્ટડીમાં છે તેમજ હવે એ નામદાર કોર્ટ સમક્ષ રજૂ થયેલ ચાર્જશીટમાં પણ સામેલ છે. તપાસ પૂર્ણ થયેલ હોઈ અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ થયેલ હોઈ, જેથી પૂરાવાઓ સાથે કોઈ ચેડાં થવાની પણ ભીતિ નથી. વધુમાં, એડવોકેટ ડો. ડીબી દેસાઈએ નામદાર કોર્ટ સમક્ષ વિનમ્રભાવે રજૂઆતકરેલ કે હાલના અરજદાર એ આશરે સાઈઠ વર્ષની ઉંમરના વ્યકિત છે. એમનોઅગાઉ કોઈ પણ ગુનાહિત ઈતિહાસ પણ નથી. વળી, આ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે અન્ય આરોપીને જામીન આપેલ હોઈ, જેથી હાલની જામીન અરજીમાં "પ્રિન્સીપલ ઓફ પેરીટી"નો સિધ્ધાંત લાગુ પડતો હોઈ, જે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનું જજમેન્ટ પણ રજૂ કરેલ. સંક્ષેપમાં, નામાંકિત એડવોકેટ શ્રી ડો. ડી.બી. દેસાઈ મારફતે કાયદાના પ્રસ્થાપિત તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુરૂપ, પોતાની વિદ્વતાપૂર્ણ શૈલીમાં ભારપૂર્વક અને કાયદાલક્ષી રજુઆત કરવામાં આવી હતી, જેને ગ્રાહ્ય રાખીને આરોપી લખમણભાઈ શામળાભાઈ રબારી (ખાંભલા)ને યોગ્ય રકમ અને શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવા નામદાર સેશન્સ કોર્ટ-લીંબડી તરફથી હુકમ ફરમાવેલ છે, જેથી તહોમતદારના પરિવારમાં આનંદની લાગણી વ્યાપી જવા પામેલ છે.



## વઘઈના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેકનોલોજી સપ્તાહ પાંચમા દિવસે ખેડૂતોને પ્રાકૃતિક ઉત્પાદકો બનવવાની તાલીમ અપાઈ




કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

કૃષિ વિકાસ માટે હંમેશા પ્રયત્નશીલ એવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ (ડાંગ) દ્વારા ટેકનોલોજી સપ્તાહના પાંચમા અને અંતિમ દિવસે પધ્ધતિ નિદર્શન, વ્યાખ્યાન, કિસાન ડે જેવી વિવિધ પ્રવૃત્તિ દ્વારા, બદલાતા સમયમા બદલાતી કૃષિ ટેકનોલોજી અપનાવવા ખેડૂતોને અનુરોધ કરાયો હતો. સપ્તાહના પાંચમા દિવસે ખેડૂત ભાઈઓ બહેનોને ચિંચોડ ગામ ખાતે જ ઘરેલુ ઉપાયથી લીમડા આધારિત દવા, અને દેશી ગાયના છાણ – મૂત્રનો ઉપયોગ કરી પ્રાકૃતિક પધ્ધતિથી ખાતર બનાવવાની તાલીમ આપવામા આવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈના વિવિધ તજજ્ઞો દ્વારા પ્રાકૃતિક કૃષિમા પાક સંરક્ષણના વિવિધ ઘટકો, બીજામૃત બનાવવાની પધ્ધતિ, અને તેના રોગ વ્યવસ્થાપનમા ઉપયોગ, જીવામૃત, ધન જીવામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણીઅર્ક, અને સુંઠાસ્ત્ર બનાવવાની પધ્ધતિ અને તેનો રોગ જીવાત વ્યવસ્થાપનમા ઉપયોગ વિષે ઊંડી સમજણ આપવામા આવી હતી. આ સાથે પ્રાકૃતિક કૃષિમા સુક્ષ્મ જીવાણુંઓનો, પક્ષીઓનો ફાળો, આચ્છાદન (મલ્ચીંગ) દ્વારા નિંદાણ વ્યવસ્થાપન, બજાર વ્યવસ્થાપન, ખેત પેદાશો માટે ઓર્ગોનીક ખેતી સર્ટીફીકેશન પધ્ધતિ વગેરે વિષયો ઉપર ખેડૂતોને માહિતગાર કરાયા હતા. તાલીમના અંતે શાકભાજીની કિચન ગાર્ડનની કીટ, અને ફળમાખીના નિયંત્રણ માટે ફળમાખી ટ્રેપ પસંદ કરેલ ખેડૂતોને નિદર્શન સ્વરૂપે આપવામા આવ્યુ હતુ.

## કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલે માતાના મઢ ખાતે મા આશાપુરાના ચરણોમાં શીશ નમાવ્યું







કમલમ્ ન્યુઝ,

કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રાઘવજી પટેલે આજે માતાના મઢ ખાતે કચ્છ દેશ દેવી માં આશાપુરાના ચરણોમાં શીશ નમાવીને દર્શન કર્યા હતા. તેમજ લોકોની સુખાકારીની માના ચરણોમાં પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા પણ હાજર રહ્યા હતા. આ સાથે નખત્રાણા ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વતી પ્રમુખશ્રી અબજીભાઈ પટેલ દ્વારા કૃષિ મંત્રીશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જયસુખભાઈ પટેલ ,પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ સોમજીયાણી તથા અન્ય પદાધિકારીઓ તેમજ પાટીદાર સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

•Printer/Publisher/Owner &Editor : MaheshN. Patel. •Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat- 382028 •Published -At A-3,Plot No R-13, Tanishq Complex,NewGreencity,Sector-26, Gandhinagar (Gujarat) 382028